॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૬ જુલાઈ ૨૦૨૩ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૦** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં છે? તે લખો.** **(૩)**

૧. વિષય–વિકાર વધે તેવા વચનો બોલવા   ૨. મનને અતિ વહાલું   ૩. અશુદ્ધ ભિક્ષા

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. આમોસે   ૨. અવિસંધિ   ૩. એવમાઈએહિં   ૪. જત્તા ભે   ૫. કલહ   ૬. માલા વન્નગ

**(ઇ) અહીં આપેલા શબ્દો કયા પાઠમાં આવે છે?** જાડી, હાસ્યે, ખમંતુ, નિર્વેદ, રય, સત્થ **(૩)**

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. પાંચ પદમાં ઊંઘે અને બોલે કેટલા? કયા?   ૨. શ્રાવકના અનાચાર કેટલા? કયા પાઠમાં આવે છે?
૩. પરિષહ એટલે શું? તે કેટલા છે?   ૪. પાખી પ્રતિક્રમણ ક્યારે કરાય? તે કેટલા છે?
૫. પહેલા ચાર યતિધર્મના નામ લખો.   ૬. ખમાસમણો એટલે શું?

(૫૫)

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. પ્રતિશલાકા પાલો કેવી રીતે ભરવાનો? (૭ થી ૮ લાઈનમાં) (૫)
૨. જઘન્ય પરિત્ત અસંખ્યાતા કેવી રીતે મળે? (૨×૨)
૩. પાણીના એક ટીપાંમાં કેટલા જીવો હોય? કેવી રીતે?
૪. મધ્યમ યુક્ત અસંખ્યાતા એટલે શું? (૧×૬)
૫. જઘન્ય અનંત અનંતા પછી કોનું સ્થાન છે? અનંતાના કેટલા પ્રકાર છે?
૬. કંદમૂળમાં કેટલા જીવ હોય? તેને શાસ્ત્રની ભાષામાં શું કહેવાય?
૭. ઉત્કૃષ્ટ સંખ્યાતા કેવી રીતે મળે?
૮. શલાકા પાલો કોના આકારે છે? તેની જગતી હોય કે નહિ? હોય તો કેટલી?
૯. અસંખ્યાતાના બીજો, પાંચમો, આઠમો ભેદ લખો.

**(આ) પુદ્‌ગલ પરાવર્તનના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સૂક્ષ્મ ભાવ પુદ્‌ગલ પરાવર્તન એટલે શું?
૨. ચક્ષુઈન્દ્રિય સંબંધી શું વિચાર કરવો જોઈએ?
૩. મન, કાર્મણ, ઔદારિક અને શ્વાસોચ્છ્‌વાસ પુદ્‌ગલ પરાવર્તનના કાળ અપેક્ષા અલ્પબહુત્વ લખો.
૪. ૩૪૩ પ્રશ્ન કેવી રીતે થાય? તે ટૂંકમાં સમજાવો. (૨ થી ૩ લાઈન)
૫. પુદ્‌ગલનું પરિવર્તન કેવી રીતે થાય છે?

**(૨) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્‌ગલ પરાવર્તન કરશે?** **(૫)**

૧. બ્રહ્મલોકે મનુષ્યપણે આહારક   ૨. જુગલિયાએ મન   ૩. ઘોડાના જીવે વાયરાપણે વૈક્રિય

૪. માખીના જીવે ગરમરપણે શ્વાસોચ્છ્વાસ ૫. માઘવતીના જીવે પરમાધામીપણે કાર્મણ

**(ઇ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જવાબ લખો. (૧૩)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**૧. કેટલા જીવો ઉત્પન્ન થાય? સઅંતર કે નિરંતર?** ૧) અપઈટ્ઠાણ નરક, ૨) કીડી, ૩) સૂરણ (૩)

૨. કયા બોલ સાથે જીવ આયુષ્ય બાંધે? આયુષ્યના ૧૫૦ ભાંગા કેવી રીતે થાય? (૨×૫)

૩. આયુષ્યના ૧૮૦૦ ભાંગા કયા સૂત્રનો અધિકાર છે? અંગ છે કે ઉપાંગ? કાલિક છે? આયુષ્ય કોણ ન બાંધે?

૪. ૨૪૩ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે ક્યારે કરે?

૫. કયું આયુષ્ય કેટલા કારણે તૂટે છે? તેમાંથી પહેલું અને પાંચમું કારણ લખો.

૬. નિરૂપક્રમી આયુષ્ય એટલે શું? તેનું બીજું નામ શું છે? તે આયુષ્યનો બંધ ક્યારે કરે?

**(ઈ) વિરહપદના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. ૨૪ મુહૂર્ત, સંખ્યાતા હજાર વર્ષ અને ૧૫ દિવસનો વિરહ કોનો પડે છે? (૬)

૨. વાંદા, વિજય વિમાન, વીજળી અને મશરૂમનો ઉત્કૃષ્ટ વિરહ લખો. (૨×૩)

૩. સૌથી સુંદર જગ્યાએ કેટલા વર્ષો સુધી જવાતું નથી? સારી જગ્યાએ જવા માટે શું કરવું જોઈએ?

૪. ભયંકર દુ:ખનું સ્થાન કયું છે? ત્યાં કેટલો વિરહ પડે છે? ત્યાં કેટલી ગતિમાંથી જવાય? આપણે શેમાં નંબર લગાડવાનો નથી?

૪. ૧૫ કર્મભૂમિમાં સામાયિક અને પરિહાર વિશુદ્ધિનો વિરહ લખો.

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વસ્તુ બગડી જાય તો મારે શું નવો પ્રયોગ કરવો? (કોઇપણ ચાર મુદ્દા)

૨. નારકી વચનનો ઉપયોગ શું કરે છે? વચન ઘડતર માટેના મુદ્દાના માત્ર નામ લખો.

૩. મનના ઘડતરનું ફળ શું છે? ધર્મનો સાર શું છે?

૪. આત્માને શેનાથી બચાવવો? શેનાથી અટકાવવો? શેનાથી મુકત કરવો? આત્માનું દમન કેવી રીતે કરવું?

૫. સાધનાનો સાર શું છે? કયા જીવો એક સ્થાનેથી બીજે સ્થાને જતા નથી? શા માટે?

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે થી ત્રણ લીટીમાં લખો.**

૧. કોઇ એક સમયે તામલી તાપસને રાત્રિના પાછલા પ્રહરે શું વિચાર આવ્યો? (૨×૩)

૨. પોટ્ટિલાના માતા-પિતાનું નામ શું હતું? તેતલીપુત્રએ શા માટે પોટ્ટિલાની માંગણી કરી?

૩. ભવ્યસિદ્ધિક જીવો મોક્ષે જાય તો પણ લોક શા માટે ભવી જીવ વગરનો નહિ રહે?

૪. એક વાક્યમાં જવાબ લખો. (૪)

૧) તામલી તાપસને ઈન્દ્રની પદવી કેવી રીતે મળી?

૨) પોટ્ટિલાએ પહેલીવાર ધર્મ સાંભળી શું સ્વીકાર્યું?

૩) ઉદાયન રાજાના માતા-પિતા-ફૈબા-નાનાનું નામ લખો.

૪) પોટ્ટિલાએ દીક્ષા લીધા પછી કેટલું અધ્યયન કર્યું? ક્યાં ઉત્પન્ન થયા?

(૧૦)

**પ્ર.૫ નીચેના જવાબ કાવ્યના આધારે લખો.**

૧. કુંભાર, બિલ્લી, ઓડ, કલહથી શરૂ થતી કડી પૂર્ણ કરો. (૮)

૨. સાગારી સંથારો કોણે કર્યો? તે લખી કઈ કડીમાં આવે છે? તે કડી લખો. (૨)

**જય – જિનેન્દ્ર**

**❋ Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914**

**❋ Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914**